**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

દુનિયામા સૌથી વધારે ગરમ વસ્તુ હોય તો તે પૈસો છે, કારણ કે તે સારામાં સારા સંબંધોને બાળી નાખે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૮૫ ● તારીખઃ ૦૫.૦૬.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને દમણની મુલાકાતે



### કરોડોના વિકાસ કાર્યોનું કરશે લોકાર્પણ અને ખાતમુહૂર્તઃ સુરતને ₹૧૮,૮૦૦ કરોડની ભેટઃ વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે અને આધુનિક હોસ્પિટલનું ઉદ્ઘાટન

**સમય સંદેશઃ ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૫ જૂન, શુક્રવારે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણની મહત્વપૂર્ણ મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન સુરત, દમણ અને લક્ષદ્વીપના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનકલ્યાણકારી યોજનાઓનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવશે. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, કરોડો રૂપિયાના આ વિકાસ પ્રોજેક્ટ્સ દ્વારા પરિવહન, શહેરી સુવિધાઓ, પર્યટન અને કનેક્ટિવિટી ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારો થશે. દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારો માટે આ મુલાકાતને વિકાસલક્ષી દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પીએમ મોદી પોતાના પ્રવાસની શરૂઆત સુરતથી કરશે, જ્યાં તેઓ અંદાજે ૧૮,૮૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ બપોરે ૨:૩૦ વાગ્યે હજીરાની મુલાકાત લઈને ઔદ્યોગિક કામગીરીની સમીક્ષા કરશે અને સાંજે ૪ વાગ્યે વિશાળ જનસભાને સંબોધશે. આ દરમિયાન ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે કનેક્ટિવિટી વધારવા માટે

અનુ પાના નં.૨ પર

## સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ બેડામાં મોટો ફેરફારઃ SP પ્રેમસુખ ડેલુએ ૪૪૩ પોલીસ કર્મીઓની કરી બદલી

**સમય સંદેશઃ સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ વહીવટી તંત્રને વધુ સુદ્રઢ અને ગતિશીલ બનાવવાના હેતુથી એક જ ઝાટકે વિશાળ સ્તરે આંતરિક બદલીઓનો ગંજીપો ચીપવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા એકસાથે કુલ ૪૪૩ પોલીસ કર્મચારીઓની બદલીના સત્તાવાર આદેશો જારી કરવામાં આવ્યા છે. લાંબા સમય બાદ પોલીસ વિભાગમાં કરવામાં આવેલી આ સામૂહિક અને આકસ્મિક બદલીઓના પગલે સમગ્ર જિલ્લાના પોલીસ તંત્ર અને સ્થાનિક વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચાનો માહોલ જાગ્યો છે.

જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા જાહેર કરવામાં આવેલી આ સામૂહિક બદલીઓમાં પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તેમજ આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા, વિભાગીય કામગીરીને વધુ અસરકારક તેમજ પારદર્શક બનાવવા અને વહીવટી વ્યવસ્થામાં સાનુકૂળ સુધારો લાવવાના ભાગરૂપે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. એકસાથે ૪૪૩ જેટલા પોલીસ કર્મચારીઓની બદલી થતાં ઘણા લાંબા સમયથી એક જ સ્થાને સ્થિર થયેલા કર્મચારીઓમાં મોટો ફેરફાર

અનુ પાના નં.૨ પર

## આખરે પ્રચંડ ગરમીથી મળી રાહતઃ કેરળમાં ચોમાસાનું સત્તાવાર અને ધમાકેદાર આગમન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશભરમાં ચાલી રહેલી કાળઝાળ ગરમી, શેકાતી સડકો અને અસહ્ય ઉકળાટ વચ્ચે આખા દેશ માટે સૌથી મોટા ખુશખબર સામે આવ્યા છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ કેરળમાં સત્તાવાર રીતે દસ્તક આપી દીધી છે, જેની સાથે જ ભારતમાં વરસાદની મુખ્ય સીઝનનો પ્રારંભ થઈ ગયો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત કરાતાની સાથે જ કેરળના અનેક વિસ્તારોમાં આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું છે અને તેજ વરસાદ શરૂ થયો છે. સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ ચોમાસું બેસતું હોય છે, પરંતુ આ વખતે ૪ જૂને તેની શરૂઆત થઈ છે. આ ધમાકેદાર એન્ટ્રીથી ગરમીની તીવ્રતા ઘટતાં લોકોમાં લાંબા સમય બાદ રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગે ચોમાસાના પ્રારંભિક તબક્કાને ધ્યાને રાખીને કેરળના તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, અલપ્પુઝા, કોટ્ટાયમ, ઇડુક્કી, એર્નાકુલમ અને ત્રિશૂર સહિતના ૮ જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. ૪ જૂનથી ૯ જૂન દરમિયાન આ વિસ્તારોમાં ૭ સેન્ટીમીટરથી લઈને ૨૦ સેન્ટીમીટર સુધીનો ભારેથી અતિભારે વરસાદ ખાબકવાની આગાહીને પગલે સ્થાનિક વહીવટીતંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, હવે ચોમાસું તીવ્ર ગતિએ આગળ વધશે અને આગામી થોડા દિવસોમાં મહારાષ્ટ્ર તરફ પ્રયાણ કરશે. વર્તમાન સાનુકૂળ સ્થિતિ જોતાં જૂનના મધ્ય સુધીમાં બિહાર અને જૂનના અંતિમ અઠવાડિયા સુધીમાં ઉત્તર પ્રદેશ સુધી ચોમાસું પહોંચી જવાની પૂરેપૂરી શક્યતા છે. દર વર્ષની જેમ ચોમાસાનું આગમન એ માત્ર હવામાનની માહિતી નથી, પરંતુ દેશના કરોડો ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય જનતા

અનુ પાના નં.૨ પર

## ભાજપ દ્વારા રાજ્યસભાના ૪ નવા ચહેરાઓની કરાતી જાહેરાતઃ 'નો રિપીટ થિયરી' યથાવત

**સમય સંદેશઃ ગાંધીનગર**




ગુજરાતમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની ચાર બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે આ વખતે જુના જોગીઓને પડતા મૂકીને નવા ચહેરાઓને તક આપી છે, જેમાં રાજુભાઈ શુકલા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જીતેન્દ્ર મેઘજીભાઈ કણઝારીયાના નામનો સમાવેશ થાય છે. આ સાથે જ નિવૃત થઈ રહેલા ભાજપના ત્રણ સાંસદો રામભાઈ મોકરીયા, નરહરિ અમીન અને રમીલાબેન બારાને રિપીટ કરવામાં આવ્યા નથી. ભાજપે જ્ઞાતિ અને પ્રાદેશિક સમીકરણોને ધ્યાને રાખીને સૌરાષ્ટ્રમાંથી બે અને મધ્ય-ઉત્તર ગુજરાતમાંથી બે નેતાઓની પસંદગી કરી છે. જાહેર કરાયેલા ઉમેદવારોમાં આદિવાસી સમાજના મુકેશ રાઠવા જેઓ છોટાઉદેપુરના છે અને સંગઠનમાં બહોળો અનુભવ ધરાવે છે. દેવભૂમિ દ્વારકાના જીતેન્દ્ર કણઝારીયા સતવારા સમાજનું પ્રતિનિધિત્વ કરે છે અને તેઓ પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈના પુત્ર છે. બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ માનસિંહ પરમાર અને સુરેન્દ્રનગરના પ્રભારી રાજુ શુક્લાને પણ દાવેદાર બનાવવામાં આવ્યા છે. બીજી તરફ, ચૂંટણી પંચના જાહેરનામા મુજબ ૧ જૂનથી પ્રક્રિયા શરૂ થઈ છે અને ૮ જૂન સુધી ફોર્મ ભરી શકાશે, જ્યારે ૧૮ જૂનના રોજ મતદાન અને પરિણામ જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી સાથે જ ગુજરાતમાં કોંગ્રેસ માટે મોટું રાજકીય સંકટ ઊભું થયું છે. કોંગ્રેસના

અનુ પાના નં.૨ પર

## રાજ્યસભા ચૂંટણીનો જંગઃ ભાજપની ૧૧ ઉમેદવારોની યાદી જાહેર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

આગામી રાજ્યસભાની ચૂંટણીઓને લઈને ભારતીય જનતા પાર્ટીએ પોતાની રાજકીય બિછત પાથરી દીધી છે. પાર્ટીએ આજે ૧૧ ઉમેદવારોની મહત્વપૂર્ણ યાદી જાહેર કરી છે, જેમાં સંગઠનના મજબૂત અને અનુભવી નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં સૌથી મોટું નામ રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘનું છે, જેમને મધ્યપ્રદેશમાંથી રાજ્યસભાના ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમની સાથે રજનીશ અગ્રવાલને પણ મધ્યપ્રદેશમાંથી ટિકિટ આપીને પાર્ટીએ રાજ્યમાં પોતાની પકડ મજબૂત કરવાના સંકેત આપ્યા છે. રાજસ્થાનના ઉમેદવારોની પસંદગીમાં ભાજપે આ વખતે ચોંકાવનારા નિર્ણયો લીધા છે. કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુને ટિકિટ આપવામાં આવી નથી, જે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. તેમના બદલે ભાજપે ડો. અલકા ગુર્જર અને ડો. સતીશ પુનિયા પર દાવ લગાવ્યો છે. પાર્ટીના આ નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે ભાજપ રાજસ્થાનના રાજકીય સમીકરણોને બદલવા અને પાયાના અનુભવી નેતાઓને આગળ વધારવા માંગે છે. ભાજપની આ યાદીમાં માત્ર નવા ચહેરા જ નહીં, પરંતુ સંગઠનમાં વર્ષોથી સેવા આપી રહેલા અનુભવી નેતાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. રાજ્યસભા

અનુ પાના નં.૨ પર

## કેન્દ્ર ફરી 'સીમાંકન બિલ' લાવવાની તૈયારીમાંઃ ચોમાસુ સત્ર પૂર્વે વિરોધ પક્ષો સાથે મંત્રણા

**સમય સંદેશઃ નવીદિલ્હી**



લોકસભામાં મહિલા અનામત અને સીમાંકન બિલને લઈને મળેલી નિષ્ફળતાના બરાબર એક મહિના બાદ, કેન્દ્ર સરકાર ફરી એકવાર સંસદમાં 'સીમાંકન બિલ' લાવવાની વ્યાપક તૈયારીઓ કરી રહી છે. સંસદના આગામી ચોમાસુ સત્રને ધ્યાનમાં રાખીને સરકારે પ્રાદેશિક અને પ્રમુખ વિરોધ પક્ષો સાથે સર્વસંમતિ સાધવા માટેના રાજકીય પ્રયાસો તેજ કર્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, સરકારે ડીએમકે અને તૃણમૂલ કોંગ્રેસ જેવા પ્રભાવશાળી પક્ષોના સાંસદો સાથે આ વિષયે વાતચીત શરૂ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, અનેક ઝખઈ સાંસદોએ સરકારના આ અભિગમ પર હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે, જ્યારે અગાઉ આકરો વિરોધ કરનાર ઉખણીં પણ હવે સરકારના સંશોધિત ડ્રાફ્ટને જોવા માટે થોડું નરમ વલણ અપનાવી રહી છે.

આશરે એક મહિના પહેલાં ૧૬થી ૧૮ એપ્રિલ દરમિયાન સરકારે સંસદનું ખાસ સત્ર બોલાવીને 'નારી શક્તિ વંદન અધિનિયમ' માં સુધારા કરવા માટે એક વિશેષ બિલ રજૂ કર્યું હતું. આ બિલનો મુખ્ય હેતુ નવી વસતી ગણતરી વગર જ મહિલા અનામતને ઝડપથી લાગુ કરવાનો અને બેઠકોનું સીમાંકન કરવાનો હતો. જો કે, મતદાન દરમિયાન ગૃહમાં હાજર ૫૨૮ સભ્યોમાંથી બિલની તરફેણમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા. બંધારણીય સુધારા માટે જરૂરી ૨/૩ બહુમતી એટલે કે ૩૫૨ મતોનું સમર્થન ન મળવાના કારણે આ બિલ નિષ્ફળ ગયું હતું. આ પરાજય બાદ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ સ્પીકર ઓમ બિરલાને 'સીમાંકન બિલ ૨૦૨૬' અને 'કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારા) બિલ ૨૦૨૬' ની પ્રક્રિયા સાથે હાલ આગળ ન વધવા વિનંતી કરી હતી.

સરકારના મૂળ પ્રસ્તાવ મુજબ, દેશમાં મહિલા અનામત અંતર્ગત લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં ૩૩ ટકા અનામત આપવાનું લક્ષ્ય છે. આ ક્વોટા વર્ષ ૨૦૨૯ સુધીમાં સંપૂર્ણ રીતે લાગુ કરી શકાય તે માટે લોકસભાની કુલ બેઠકોની સંખ્યા વર્તમાન ૫૪૩થી વધારીને ૮૫૦ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જો કે, આ સમગ્ર વિવાદનું મુખ્ય કારણ એ હતું કે, નવું સીમાંકન છેલ્લી પ્રકાશિત થયેલી વસતી ગણતરીના આધારે જ કરવાનું નક્કી કરાયું હતું. વિરોધ પક્ષોએ આ જોગવાઈનો એવો તર્ક આપીને જોરદાર વિરોધ કર્યો હતો કે આનાથી વસતી નિયંત્રણ કરનારા દક્ષિણ ભારતના રાજ્યોને બેઠકોનું નુકસાન જશે અને ઉત્તર ભારતના રાજ્યોને મોટો ફાયદો થશે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આગામી ડ્રાફ્ટમાં કેવા ફેરફારો કરે છે.

## જામનગરના ડીડીઓ નિશા સાયકલ પર ઓફિસ પહોંચ્યા

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર જિલ્લા વિકાસ અધિકારી નિશા ચૌધરી સાયકલ ચલાવીને પોતાની કચેરીએ પહોંચ્યા હતા. તેમના આ પગલાની વહીવટી વર્તુળો અને સ્થાનિક લોકોમાં પ્રશંસા થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં ઈંધણ બચાવવા અને પર્યાવરણ જાળવવા માટે દેશવાસીઓને અપીલ કરી હતી. આ અપીલને માન આપીને ઉઉંઘ નિશા ચૌધરીએ અઠવાડિયામાં એક દિવસ સાયકલ, પગપાળા કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવાનો સંકલ્પ લીધો છે. તેમણે આજે સાયકલ ચલાવીને આ પહેલની શરૂઆત કરી. આ પ્રસંગે ઉઉંઘએ જામનગર જિલ્લાના નાગરિકોને પણ આ અભિયાનમાં જોડાવા આહવાન કર્યું. તેમણે અપીલ કરી કે, 'આપણે સૌ અઠવાડિયામાં એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' તરીકે ઉજવીએ. તે દિવસે વ્યક્તિગત વાહનોનો ઉપયોગ ટાળીને સાયકલ, પગપાળા કે સરકારી ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ.' તેમણે ઉમેર્યું કે, આ ઝુંબેશથી ઈંધણની મોટી બચત થશે અને પ્રદૂષણ ઘટાડવામાં આપણું મહત્વનું યોગદાન રહેશે. ઉઉંઘ નિશાની આ પહેલ આગામી દિવસોમાં અન્ય સરકારી અધિકારીઓ અને સામાન્ય નાગરિકો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

## જામનગરમાં ભવિષ્યવાણી કરનાર મહિલાના ખેલનો અંત

### જાથા, પોલીસના આકરા વલણથી લેખિતમાં માફી માગતા કહ્યું-ભવિષ્યમાં પણ આવું નહીં કરું

**સમય સંદેશઃ જામનગર**





તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના સ્વામીનારાયણ નગર વિસ્તારમાં રહેતા મમતાબેન દવે નામના મહિલા છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર અંધશ્રદ્ધા પ્રેરિત ભ્રામક દાવાઓને કારણે ચર્ચામાં હતા. તેઓ પોતે ભૂત-ભવિષ્ય જાણી શકતા હોવાનો, મંત્રજાપથી સિદ્ધિઓ અપાવવાનો અને દેશના વડાપ્રધાન પદથી લઈને ગુજરાત સરકારના રાજકીય ભવિષ્ય અંગે અગાઉથી જાણી લેવાનો દાવો કરતા હતા. એટલું જ નહીં, તેઓ દેશના જટિલ પ્રશ્નોનો ૨૪ કલાકમાં ઉકેલ લાવવાની ચમત્કારિક વાતોના વીડિયો પણ શેર કરતા હતા. આ પ્રકારના ગેરમાર્ગે દોરતા દાવાઓ સામે રાજ્યભરમાંથી વ્યાપક ફરિયાદો મળતાં 'ભારત જન વિજ્ઞાન જાથા'ના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાએ ગૃહ વિભાગ અને જામનગર પોલીસ પ્રશાસનનો સંપર્ક સાધ્યો હતો.

જામનગર શહેર 'B' ડિવિઝન પોલીસ સ્ટેશનના સહયોગ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે વિજ્ઞાન જાથાની ટીમે મહિલાના નિવાસસ્થાને પહોંચીને તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ મહિલાને પોલીસ સ્ટેશન લાવીને કલાકો સુધી પૂછપરછ અને ચર્ચા કરવામાં આવી હતી, જેમાં તેઓ પોતાના ચમત્કારિક દાવાઓ પાછળ કોઈ વૈજ્ઞાનિક કે તાર્કિક પુરાવા આપી શક્યા નહોતા. કાયદાકીય પરિણામોની ગંભીરતા સમજાતા મહિલાને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો. તેમણે સ્વીકાર્યું હતું કે તેમના તમામ દાવા બિનઆધારભૂત અને કાલ્પનિક હતા. મહિલાએ પોલીસની હાજરીમાં સ્વેચ્છાએ લેખિત માફીનામું આપીને ભવિષ્યમાં આવા વીડિયો પોસ્ટ ન કરવાની ખાતરી આપી હતી.

સમગ્ર કાઉન્સેલિંગ દરમિયાન વિજ્ઞાન જાથાના સભ્યોને મહિલાની વર્તણૂકમાં ઊંઘનો અભાવ અને સતત એકધારું બોલવા જેવા સાયકોલોજિકલ સ્ટ્રેસ (માનસિક તણાવ)ના લક્ષણો પ્રાથમિક દ્રષ્ટિએ જોવા મળ્યા હતા, જોકે આ અંગે કોઈ સત્તાવાર મેડિકલ રિપોર્ટ જાહેર કરાયો નથી. 'વિજ્ઞાન જાથા'એ આ ઓપરેશનને અંધશ્રદ્ધા નિર્મૂલનની

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં એસ.ટી. બસના ડ્રાઈવર પર જીવલેણ હુમલો

### સ્વિફ્ટ કાર ચાલકોએ બસ રોકી ડ્રાઈવરને લૂંટ્યો અને બસના કાચ તોડ્યાઃ એસ.ટી. નિગમની કડક પગલાં ભરવા અને પોલીસ પ્રોટેક્શનની માંગ

**સમય સંદેશઃ જામનગર**





તસવીરઃ હિરેન ગાંધી

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના જામનગર વિભાગ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષકને એક ગંભીર ઘટના અંગે લેખિત રજૂઆત કરવામાં આવી છે. જામનગર ડેપોની એસ.ટી. બસના ડ્રાઈવર પર ચાલુ ફરજ દરમિયાન અસામાજિક તત્વો દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હોવાની સત્તાવાર ફરિયાદ સામે આવી છે. આ ઘટનાને પગલે એસ.ટી. નિગમના કર્મચારીઓ અને મુસાફરોની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે અને કર્મચારી આલમમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ, તારીખ ૦૪-૦૬-૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૧:૧૦ કલાકે જામનગર ડેપોની જામનગર-દ્વારકા રૂટની એસ.ટી. બસ લઈને ડ્રાઈવર શ્રી દિલીપભાઈ બાબરીયા ફરજ પર રવાના થયા હતા. આ બસ જ્યારે જામનગરના સમર્પણ હોસ્પિટલ પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી આવતી એક સ્વિફ્ટના ચાલક સહિત પાંચથી છ અજાણ્યા ઈસમોએ એસ.ટી. બસની આગળ પોતાની કાર આડી ઊભી રાખી દીધી હતી. ત્યારબાદ આ ઈસમોએ બસના ડ્રાઈવર દિલીપભાઈ બાબરીયા પર હિચકારો હુમલો કર્યો હતો. હુમલાખોરો એટલેથી જ ન અટકતા, તેમણે ડ્રાઈવરના ગળામાંથી આશરે દોઢ તોલાનો સોનાનો ચેઈન પણ લૂંટી લીધો હતો.

આ હિંસક ઘટના દરમિયાન બસમાં બેસેલા મુસાફરો જ્યારે ડ્રાઈવરના બચાવમાં વચ્ચે પડ્યા,

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### 'સિદ્ધા...' આઉટ !


સિંહાસન પરથી ઊભા કરાયેલા સિદ્ધારમૈયા એક મહામાયા છે. જેને ઊભા કરવામાં જ કોંગ્રેસ લો-કમાન્ડને છ મહિના લાગ્યા. ડી.કે. શિવકુમાર, જેઓ લાંબા સમયથી આ પરિવર્તનની રાહ જોઈ રહ્યા હતા, તેઓ હવે આ પ્રતિષ્ઠિત પદ માટે રાહ જોવા તૈયાર ન હતા. પરિસ્થિતિ વણસી જવાની એટલે કે રાજ્ય કોંગ્રેસમાં બળવો થવાની છેલ્લી ઘડીએ નેતૃત્વ પરિવર્તન થયું છે. ગુજરાતમાં ભાજપ ફર્નિચરની જેમ મુખ્યમંત્રી બદલે છે. આજકાલ પણ પરદા પાછળ સૌથી ઓછું ભણેલા ચહેરાની મુખ્યમંત્રી તરીકેની શોધખોળ ચાલુ છે. પણ આવી તાકત હવે કોંગ્રેસની રહી નથી. કર્ણાટકમાં શિવકુમાર વિના હવે કોંગ્રેસને ચાલે એમ નથી. દેખીતી રીતે, પહેલાની જેમ, તેઓ ૨૦૨૮ની ચૂંટણી લડાઈ માટે પાર્ટીને તૈયાર કરવાની પણ જવાબદારી સંભાળશે. તેમણે આગામી બે વર્ષમાં રાજ્યમાં સુશાસનને પ્રાથમિકતા આપવી પડશે. પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને આ વાત મોડેથી સમજાઈ ગઈ છે. રાજકીય પંડિતો માને છે કે કોંગ્રેસ નેતૃત્વને વહેલા કે મોડા ખ્યાલ આવવા લાગ્યો હતો કે નેતૃત્વ સંઘર્ષ કર્ણાટકમાં પાર્ટીને નુકસાન પહોંચાડી શકે છે, એક રાજ્ય કે જેમાં ભાજપ ભૂતકાળમાં દક્ષિણના પ્રવેશદ્વાર તરીકે વર્ચસ્વ ધરાવતું રહ્યું છે. આની ભરપાઈ આક્રમક ડી.કે. દ્વારા કરી શકાય છે. આ ફક્ત શિવકુમાર જેવા નેતૃત્વથી જ શક્ય બની શકે છે. તેઓ નિઃશંકપણે પ્રમાણમાં યુવાન, લડાયક રાજકારણી છે અને એક કુશળ ચૂંટણી રણનીતિકાર તરીકે ઓળખાય છે. જોકે, કોંગ્રેસ પાર્ટી સામે હાલમાં સૌથી મોટો પડકાર રાજ્યમાં પછાત વર્ગો, લઘુમતીઓ અને દલિતોનો ટેકો જાળવી રાખવાનો છે. સિદ્ધારામૈયા આ જૂથોમાં મજબૂત પકડ ધરાવે છે તેવું માનવામાં આવે છે. બીજી બાજુ, કેન્દ્રીય રાજકારણમાં ભૂમિકા સ્વીકારવામાં વિદાય લેતા મુખ્યમંત્રીની અનિચ્છાએ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. જોકે, ભૂતકાળમાં ઘણા રાજ્યોમાં આવી જ અનિર્ણાયકતા અને મૂંઝવણને કારણે કોંગ્રેસને ભારે નુકસાન થયું છે. કોંગ્રેસે તેમના સાથી અને હરીફ ટીએસ સિંહ દેવના સતત દબાણ છતાં, ૨૦૧૮-૨૩ સુધી છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને પદ પર જાળવી રાખ્યા હતા. પંજાબમાં, પાર્ટીએ સન ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના માત્ર પાંચ મહિના પહેલા કેપ્ટન અમરિંદર સિંહને મુખ્યમંત્રી પદ પરથી દૂર કર્યા હતા.સત્તા વિરોધી લહેરનો સામનો કરવાના હેતુથી આ કડક પગલાથી કોંગ્રેસ પાર્ટીને મોટો ફટકો પડયો. દક્ષિણી રાજ્યોમાં પોતાનો પ્રભાવ વધારવાની નીતિઓને કારણે, આ કર્ણાટક, કોંગ્રેસ પાર્ટી માટે એક મહત્વપૂર્ણ રાજ્ય છે.



## હાલારના હાલહવાલ



# ખંભાળીયામાં પ્રભારી મંત્રી કુંવરજીભાઇ બાવળીયાના હસ્તે દેવભૂમિ દ્વારકા જીલ્લાની વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન






**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિકાસ કાર્યોની ઝાંખી દર્શાવતી જિલ્લા વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન ખંભાળિયા ખાતે યોજાયેલી આયોજન મંડળની બેઠકમાં જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ ગૌરીબેન હાથિયાના હસ્તે કરાયું હતું. જિલ્લા માહિતી કચેરી દ્વારા સંપાદિત અને જિલ્લા આયોજન અધિકારીની કચેરી દ્વારા સંકલિત કરાયેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત 'વિકાસ વાટિકા' પુસ્તિકામાં વર્ષ ૨૮૨૫-૨૬માં જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યોને આલેખવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લાનો સંક્ષિપ્ત ઈતિહાસ, પ્રવાસન સ્થળો, લોકમેળાઓ, સાંસ્કૃતિક વનોની માહિતી અને જિલ્લામાં થયેલા વિવિધ લોકાર્પણ, ખાતમુહૂર્ત, વિકાસ કાર્યોના અહેવાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકો માટે ઉપયોગી બની રહેશે. વિકાસ વાટિકા વિમોચન પ્રસંગે ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એચ.પી. જોશી, ધારાસભ્ય મુળુભાઈ બેરા તથા હેમંતભાઈ ખવા, જિલ્લા આયોજન અધિકારી ઝેડ.એ. બારૈયા, તાલુકા પંચાયત પ્રમુખ અને અન્ય પદાધિકારીઓ અને અગ્રણીઓ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળીયામાં આગામી બુધવારથી વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા જ્ઞાતિની વાડી ''વિશ્વકર્મા બાગ'' ખાતે જ્ઞાતિના શંકુલમાં જ્ઞાતિજનોના સહયોગથી જ્ઞાતિના સુખાકારી અને કલ્યાણ અર્થે શ્રી વિશ્વકર્મા પુરાણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી બુધવાર તા.૧૦ થી શરૂ થનારા આ જ્ઞાનયજ્ઞમાં પોથીયાત્રા બાદ તા. ૧૧ ના રોજ શ્રી ૫ પુત્રોનું પ્રાગટ્ય, તા. ૧૨ ના રોજ વાસ્તુ દેવનું પ્રાગટ્ય, તા. ૧૩ ના રોજ સૂર્યનારાયણ - રન્નાદેનો લગ્નોત્સવ, તા. ૧૪ ના રોજ શ્રીરામ તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને તા. ૧૫ જૂનના રોજ શ્રી વિશ્વકર્મા મહાયજ્ઞ, પરચાઓની કથા બાદ કથા વિરામ થશે. આ વિશ્વકર્મા પુરાણમાં વ્યાસપીઠ પર પ્રસિદ્ધ કથાકાર હિતેશભાઈ ભટ્ટ વ્યાસપીઠ પર બિરાજશે. શ્રી વિશ્વકર્મા પુરાણ દરમ્યાન દરરોજ રાત્રે જ્ઞાતિજનો માટે સમુહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. સર્વે જ્ઞાતિજનોને દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ગુર્જર સુતાર જ્ઞાતિજનોના આ ધાર્મિક આયોજન માટે શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા સંપૂર્ણ આયોજનની તૈયારીઓ માટે જ્ઞાતિના ટ્રસ્ટીઓ સાથે જ્ઞાતિજનો, કાર્યકરો દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ખંભાળીયામાં જીલ્લાના પ્રભારીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જીલ્લા આયોજન મંડળની બેઠક

## જીલ્લાના ૨૫૨ જેટલા વિકાસના કાર્યો માટે ૯૮ કરોડથી વધુના કામોને અપાઈ મંજૂરી

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાની અધ્યક્ષતામાં તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ ગૌરીબેન હાથિયાની ઉપસ્થિતિમાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ જોગવાઇઓ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ ના (વિવેકાધીન જોગવાઇ(સામાન્ય), (અનુ.જાતી પેટા યોજના), ૫ ટકા પ્રોત્સાહક, વિવેકાધીન નગરપાલીકા) વગેરે યોજનાઓમાં વિકાસના ૨૫૨ કામો માટે રૂા. ૯૩૦.૮૪ લાખના કામોને મંજુરી આપવામાં આવી હતી. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ જોગવાઇઓ હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ ના કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી અને સાંસદ અને ધારાસભ્યની ગ્રાન્ટના કામોની પણ સમીક્ષા તેમજ કામોને સમયાંતરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

પ્રભારી મંત્રીએ અધિકારીઓને જનવિકાસ કાર્યોને સમયસર શરૂ કરવા અને અગાઉના વર્ષના બાકી કામો તાકીદે પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી ઝેડ.એ. બારૈયા દ્વારા સંકલિત માહિતી રજૂ કરાઈ હતી.







જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ધારાસભ્ય મુળુભાઈ બેરા, ધારાસભ્ય હેમંતભાઈ ખવા વર્ચ્યુઅલ માધ્યમથી તેમજ ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એચ.પી. જોશી, નાયબ કલેકટર રિદ્ધિ રાજયગુરુ, જિલ્લા આયોજન મંડળના નિરીક્ષક એન.આર. ટોપરાણી તેમજ તાલુકા પંચાયત, નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નીટની પેપર લીકના મુદે પૂર્વ કોર્પોરેટરના ધરણા

**સમય સંદેશઃ જામનગર**

દેશમાં ધોરણ-૧૨ સાયન્સના બી-ગ્રુપના અને ડોક્ટર બનવા માંગતા લાખો વિદ્યાર્થીઓના જીવનની અતિ મહત્વની પરીક્ષા એવી નીંટ ના પેપર લીક થઈ ગયા બાદ લાખો વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષા આપવી પડશે. દેશભરમાં જુદા-જુદા દિવસે કુલ ૧૭ દીકરા-દીકરીઓએ આપઘાત કર્યા છે. તેઓને શ્રધ્ધાંજલી આપવા અને ન્યાય આપવાની માંગણી સાથે જામનગરના પુર્વ મહિલા કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ આંખે પાટા બાંધીને ૩ દિવસના ધરણા યોજ્યા છે. જેમાં કોંગ્રેસ સેવા દળના રોશનબેન નાઈ તથા અન્ય સાથીઓ જોડાયા છે.



# ખંભાળિયા નજીક મોટરકારમાં આગનું છમકલું

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના રામનગર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ માર્ગ પર ગઈકાલે બુધવારે બપોરના સમયે એક મોટરકારમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. જેને અનુલક્ષીને સ્થાનિકો દ્વારા ૧૧૨ હેલ્પલાઇન પર ફાયર અંગેની જાણ કરવામાં આવી હતી. આથી અહીંનો ફાયર સ્ટાફ તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાહેર થયું નથી. પરંતુ આગ લાગતા કાર ચાલકે સમયસૂચકતા વાપરીને પોતાની કારમાંથી બહાર નીકળી જતા મોટી જાનહાનિ થતા અટકી હતી.



# વિરપરમાં યુવાન ઉપર કુટુંબીજનોનો હુમલો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના વીરપર ગામે રહેતા હમીરભાઈ માંડણભાઈ ચાવડા નામના ૪૨ વર્ષના યુવાન પર તેમના કુટુંબી એવા વીજીબેન ભીખાભાઈ ચાવડા, ખીમાભાઈ ડાડુભાઈ પાઉ, રેખાબેન ભીખાભાઈ ચાવડા અને મણીબેન ભીખાભાઈ ચાવડાએ બોલાચાલી કરી, દાતરડા, કુહાડા અને ધોકા વડે હુમલો કરી, ઈજાઓ કર્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.


ફરિયાદી હમીરભાઈના ઘરની બહાર નીકળતા રસ્તામાં બેલાની કાચી દિવાલ હોય, જેથી તેમણે આરોપીઓને કહેલ કે ''આ કાચી દિવાલથી રસ્તો બંધ થઈ ગયો છે''. આનાથી ઉશ્કેરાઈ ગયેલા આરોપીઓએ હુમલો કર્યો હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

# જામનગરની જી.જી.હોસ્પિટલ સામેથી સટ્ટો રમી રહેલો એક શખ્સ ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ક્રિકેટ સટ્ટાબાજી સામે પોલીસે વધુ એક કાર્યવાહી હાથ ધરી છે. સીટી બી ડિવિઝન પોલીસ સ્ટાફે જી.જી. હોસ્પિટલ સામે આવેલા જ્યોત હોટલ નજીક જાહેર સ્થળે દરોડો પાડી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ભાવેશ વેણીલાલ કોઠારી નામના શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસ દરમિયાન આરોપી પોતાના મોબાઇલ ફોનમાં ચાલી રહેલી શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની એક દિવસીય ક્રિકેટ મેચના હારજીત તથા રનના ભાવ જોઈને પૈસાની લેતીદેતી સાથે સટ્ટાબાજી કરતો હોવાનું બહાર આવ્યું હતું. દરોડા દરમિયાન પોલીસે રોકડ રકમ તથા મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૩૯,૯૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવમાં કાલાવડ નાકા બહાર રહેતા બાબુભાઈ નામના અન્ય એક વ્યક્તિની સંડોવણી પણ સામે આવી છે, જે હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે.

# સરકારી સેવામાંથી નિવૃત્ત થતા એચ. જી. વાળાનો વિદાયમાન સમારોહ યોજાયો



**સમય સંદેશઃ જામનગર**

ભારત સરકારમાં કાર્યરત અધિકારી શ્રી એચ. જી. વાળા વય મર્યાદાના કારણે પોતાની દીર્ઘ અને પ્રશંસનીય સેવામાંથી નિવૃત્ત થયા છે. તેમના સેવાકાળના અંતિમ દિવસે વિભાગ દ્વારા એક વિશેષ વિદાય અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સહકર્મીઓએ તેમની કર્તવ્યનિષ્ઠા અને વહીવટી કુશળતાને બિરદાવી હતી. આ વિદાય સમારોહ દરમિયાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડેપ્યુટી કમિશનર શ્રી મીણા અને ઓફિસર સુપ્રિટેન્ડન્ટ શ્રી દત્તા દ્વારા નિવૃત્ત થતા અધિકારી એચ. જી. વાળાને ફૂલહાર પહેરાવી તેમજ પરંપરાગત સાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ અધિકારીઓ અને સ્ટાફ મિત્રોએ તેમના નિવૃત્ત જીવન માટે ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

## અનુસંધાન

### વડલો જમીન

(પાના નં. ૪ થી આગળ)

દીવાની અપીલ નંબર ૧૨૨/૨૦૧૮ થી અપીલ દાખલ કરવામાં આવી હતી. જોકે, નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટે એપેલેન્ટની આ અપીલ ડિસમિસ કરી દીધી હતી. આ હુકમથી નારાજ થઈને આખરે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સેકન્ડ અપીલ નંબર એફ/એસે/૧૫૫૬૪/૨૦૨૬ થી પિટિશન દાખલ કરવામાં આવી છે. આમ, આ કિંમતી મિલકત સંબંધે આજની તારીખે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વિવાદ પેન્ડિંગ છે અને સમગ્ર મામલો અદાલતના હુકમને નિર્ણયાધીન (સબજ્યુડિસ) છે. મુસ્લિમ શરિયત અનુસાર પોતાનો વારસાઈ હક્ક, હિત અને હિસ્સો મેળવવા માટે દાખલ કરાયેલી આ પિટિશનમાં પિટિશનર ઘાંચી હનીફ ઈશા મેતર તથા જુબેદાબેન ઈશા મેતર તરફથી ગુજરાત હાઈકોર્ટમાં વકીલ વત્સલ રૂપારેલ તથા જામનગરના સિનિયર એડવોકેટ વકીલ જયેન્દ્રસિંહ એન.ઝાલા રોકાયેલા છે.

### આજે વિશ્વ પર્યાવરણ

(પાના નં. ૩ થી આગળ)

ગોકુલનગર સર્કલ તથા વોર્ડ-૧૬માં મ સંગમ બાગ ખાતે સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ૪ થી ૬ દરમિયાન લોકોને નિઃશુલ્ક રોપા આપવામાં આવશે. જેનો લોકો લાભ લઈને વૃક્ષારોપણ કરે. તેવો તંત્રએ અનુરોધ કર્યો છે.

### મોદી આજે ગુજરાત

(પાના નં. ૧ થી આગળ)

વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના પેકેજ VI અને VII રાષ્ટ્રને સમર્પિત કરાશે. આ ઉપરાંત, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આદિવાસી વિસ્તાર સુધી પહોંચ સરળ બનાવવા NH-56 ના કેટલાક ભાગોના ફોર-લેનિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરાશે. આરોગ્ય ક્ષેત્રે સુરતને ૨૪/૭ ઈમરજન્સી સુવિધા ધરાવતી નવીન ૨૦૦ બેડની ESIC હોસ્પિટલ મળશે, તેમજ દહેજ-સરીગામ GIDC અને જંબુસર બલ્ક ડ્રગ પાર્કના વિવિધ ઔદ્યોગિક પ્રોજેક્ટ્સનું પણ ઉદઘાટન કરવામાં આવશે.

સુરતના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન સાંજે ૬:૧૫ વાગ્યે દમણ પહોંચશે, જ્યાં તેઓ પ્રાદેશિક હવાઈ સેવાઓને મજબૂત બનાવવા 'ગઅખઘ એરપોર્ટ'ના અદ્યતન નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદઘાટન કરશે. આ સાથે જ, દમણ અને આસપાસના સરહદી વિસ્તારોના લોકો માટે દરરોજ આશરે ૧,૫૦૦ દર્દીઓની સારવાર ક્ષમતા ધરાવતી આધુનિક 'ગઅખઘ હોસ્પિટલ'નું પણ સમર્પણ કરવામાં આવશે. સાંજે ૭:૧૫ વાગ્યે પીએમ મોદી દમણમાં આરોગ્ય, પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કુલ રૂપિયા ૨,૯૭૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને ખાતમુહૂર્ત કરશે, જેમાં રૂપિયા ૧,૬૩૦ કરોડના ખર્ચે બનનાર આઇકોનિક બ્રિજ, દમણ કન્વેન્શન સેન્ટર અને NIFT કેમ્પસનો શિલાન્યાસ સામેલ છે.

### ચોમાસાનું સત્તાવાર

(પાના નં. ૧ થી આગળ)

માટે આશાનો મોટો સંદેશ છે. ભારતીય અર્થતંત્ર અને કૃષિ ક્ષેત્ર મોટાભાગે ચોમાસાના વરસાદ પર જ નિર્ભર હોવાથી આ ખુશખબરથી ખાસ કરીને ખરીફ પાકની વાવણીની તૈયારી કરતા ખેડૂતોમાં ભારે ખુશીની લહેર જોવા મળી રહી છે. જો ચોમાસું આ જ સાનુકૂળ ગતિ સાથે આગળ વધશે, તો દેશમાં અનાજનું ઉત્પાદન વધશે અને સાથે જ મોંઘવારી પર નિયંત્રણ મેળવવામાં પણ મોટી મદદ મળશે. હવામાન વિભાગે આગામી દિવસોમાં દેશના અન્ય ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરી લોકોને તૈયાર રહેવા સલાહ આપી છે.

### નો રિપીટ થિયરી

(પાના નં. ૧ થી આગળ)

એકમાત્ર સાંસદ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂને પૂરો થઈ રહ્યો છે. રાજ્યસભાની એક બેઠક જીતવા માટે ૩૭ ધારાસભ્યોના સમર્થનની જરૂર હોય છે, પરંતુ કોંગ્રેસ પાસે હાલ માત્ર ૧૨ ધારાસભ્યો જ છે. જો સ્થિતિ આવી જ રહી તો જૂન મહિના પછી રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે. પૂરતું સંખ્યાબળ ન હોવાને કારણે કોંગ્રેસ માટે પોતાના ઉમેદવારને જીતાડવા અશક્ય જણાઈ રહ્યા છે, જે પક્ષ માટે ઐતિહાસિક સંકટ સમાન છે.

### જીવલેણ હુમલો

(પાના નં. ૧ થી આગળ)

ત્યારે હુમલાખોરોએ મુસાફરોને પણ ધમકાવતા કહ્યું હતું કે, ''તમોને પણ અમે મારી નાખીશું''. આ હિંસક વર્તનને કારણે બસમાં સવાર મુસાફરોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. આ ઉપરાંત અસામાજિક તત્વોએ સરકારી મિલકતને નુકસાન પહોંચાડતા એસ.ટી. બસનો આગળનો વિન્ડસ્ક્રીન ગ્લાસ (કાચ) પણ તોડી નાખ્યો હતો.

આ ઘટના અંગે એસ.ટી. જામનગર વિભાગના વિભાગીય નિયામક દ્વારા જિલ્લા પોલીસ વડાને પત્ર લખીને આ અસામાજિક તત્વો સામે કડક કાયદાકીય અને દાખલારૂપ પગલાં ભરવા વિનંતી કરવામાં આવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત એસ.ટી. નિગમના ૩૦,૦૦૦ જેટલા ડ્રાઈવર-કંડક્ટરો રાત-દિવસ જોયા વગર અંતરિયાળ ગામડાઓ સુધી મુસાફરોને સેવા આપે છે.

આવા બનાવોથી કર્મચારીઓ પોતાની ફરજ દરમિયાન અસલામતી અનુભવે છે. આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા ત્વરિત તપાસ કરી, પુરાવાઓ એકત્રિત કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કર્મચારીઓ કોઈપણ પ્રકારના ડર વગર પોતાની ફરજ બજાવી શકે. આ પત્રની નકલ જિલ્લા કલેક્ટર કચેરીને પણ જરૂરી આદેશો કરવા અર્થે રવાના કરવામાં આવી છે.

### મહિલાના ખેલનો અંત

(પાના નં. ૧ થી આગળ)

દિશામાં પોતાનો ૧૨૮૭મો સફળ પર્દાફાશ ગણાવ્યો છે. જાથાના ચેરમેને લોકોને અપીલ કરી છે કે સોશિયલ મીડિયા પર ચમત્કારો અને સિદ્ધિઓના નામે અપાતી લલચામણી જાહેરાતો કે દાવાઓથી ગેરમાર્ગે દોરાવવું જોઈએ નહીં. આ પ્રશંસનીય કામગીરીમાં જામનગર 'ઇ' ડિવિઝન પોલીસ સ્ટાફનો પ્રોએક્ટિવ સહયોગ મહત્વનો રહ્યો હતો.

### ૧૧ ઉમેદવારોની યાદી

(પાના નં. ૧ થી આગળ)

માટે ઉમેદવારોની પસંદગી કરતી વખતે પક્ષે પ્રાદેશિક સંતુલન અને સંસદીય કાર્યક્ષમતા બંને બાબતોનું ધ્યાન રાખ્યું હોય તેમ જણાય છે. તરુણ ચુઘ જેવા સંગઠનાત્મક રીતે મજબૂત નેતાને મેદાનમાં ઉતારીને ભાજપ સંસદમાં પોતાની દલીલ કરવાની ક્ષમતા વધુ તેજસ્વી બનાવવા માંગે છે.

### ૪૪૩ પોલીસ કર્મી

(પાના નં. ૧ થી આગળ)

જોવા મળ્યો છે. ઓર્ડર જાહેર થતાંની સાથે જ તમામ બદલી પામેલા કર્મચારીઓને નવા નિયુક્ત પોલીસ સ્ટેશનો અને નવી જવાબદારીઓ સાથે તાત્કાલિક અસરથી હાજર થઈને કામગીરી સંભાળી લેવાનો કડક નિર્દેશ આપવામાં આવ્યો છે. આ મોટા ફેરબદલથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં નવી ગતિશીલતા આવશે અને ગુનાખોરી નિયંત્રણમાં વહીવટીતંત્રને નવી ઊર્જા મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગરના પદાધિકારીઓ દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીનું નિરિક્ષણ કરાયું





તસવીરઃ હિરેન ગાંધી

મનપા દ્વારા હાલ પ્રિ-મોન્સુનની કામગીરી જોરશોરથી ચાલી રહી છે ત્યારે દરેડ ખાતે આવેલ ખોડીયાર મંદિર નજીકની કેનાલ ખાતે ચાલતી કામગીરીનું નિરિક્ષણ અર્થે જામનગર મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓ દોડી ગયા હતા. આ દરમ્યાન મેયર મોનિકાબેન વ્યાસ, ડે.મેયર રાકેશ ડેર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન ધીરેન મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી સહિતના પદાધિકારીઓ અને મુકેશ વરણવા, કેતન કટેશીયા સહિતના અધિકારીઓએ કેનાલની મુલાકાત લઇ કામગીરીની સમીક્ષા કરી હતી. કામમાં ગુણવત્તા જળવાઇ અને સમયસર પૂર્ણ થાય તે અંગેની તાકિદ કરવામાં આવી હતી.

## જામનગરના નવાનાગના ગામે મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

મહિલાઓના અધિકારો, સુરક્ષા અને તેમના સર્વાંગી સશક્તિકરણ અંગે જનજાગૃતિ લાવવા જામનગર જિલ્લાના નવાનાગના ગામ ખાતે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગર દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં ગામની બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર અને બહોળી સંખ્યામાં હાજરી આપીને વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા કાયદાકીય અધિકારોની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી.

આ અવસરે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત જિલ્લા પંચાયત સદસ્ય તથા કારોબારી સમિતિના ચેરમેન શ્રી સુનિલભાઈ રાઠોડે પ્રાસંગિક ઉદબોધન આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓના સન્માન, સુરક્ષા અને સશક્તિકરણ માટે સમાજના દરેક વર્ગનો સર્વાંગી સહયોગ અનિવાર્ય છે. નારી શક્તિ આત્મનિર્ભર બને તે માટે કાયદાકીય જાગૃતિ ખૂબ જ જરૂરી છે. આ શિબિરમાં તાલુકા પંચાયત સદસ્ય શ્રી બળદેવ રાઠોડ, સરપંચ શ્રી કિરણબેન રાઠોડ, ઉપસરપંચ શ્રી કિશોરભાઈ નકુમ અને સભ્ય શ્રી ગોવિંદભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં ઉપસ્થિત જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડીયાએ પારિવારિક હિંસાથી મહિલાઓના રક્ષણ માટેના કાયદાકીય પ્રાવધાનો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હિંસા મુક્ત, સુરક્ષિત અને સશક્ત સમાજના નિર્માણમાં ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ એક મહત્વપૂર્ણ હથિયાર સાબિત થઈ રહ્યું છે. જ્યારે દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી સોનલબેન વર્ણાગરે મહિલાઓને કાયદા હેઠળ ઉપલબ્ધ વિવિધ સુરક્ષાત્મક અધિકારો અને સરકારી સહાય સેવાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે પગભર કરવા માટે સરકારી યોજનાઓની ભૂમિકા સમજાવતા ડીસી શ્રી બંસીબેન ખોડિયારે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની રજૂઆત કરી હતી અને બહેનોને તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગ્રામીણ બહેનોને પ્રોત્સાહક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ઉંઇઊઠ, વન સ્ટોપ સેન્ટર અને પી.બી.એસ.સી. ના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ ખાતે નવનિયુક્ત મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયાનો સન્માન સમારોહ યોજાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાનો સન્માન સમારોહ ચેમ્બરના હોદ્દેદારો અને વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ રમણીકભાઈ અકબરીએ મહેમાનોનું સ્વાગત કરી સંસ્થાની પરંપરા મુજબ શહેરના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે ખજાનચી તુષારભાઈ રામાણીએ ચેમ્બરનો પરિચય આપ્યો હતો, જ્યારે માનદ સંપાદક કેયૂરભાઈ ખટ્ટરે કમિશનરનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખો અને વિવિધ ૨૦થી વધુ વેપારી સંગઠનોના હોદ્દેદારોએ પુષ્પગુચ્છથી કમિશનરનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું. આ બેઠક દરમિયાન ચેમ્બર પ્રમુખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગના આહવાનને ધ્યાને રાખી જામનગરમાં વધુ સિટી બસો શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, શહેરમાં ટ્રાફિક સિગ્નલ પુનઃ ચાલુ કરવા, ત્રીઈઉઈ ફેસ-૨ અને ૩ માટે નવું ફાયર સ્ટેશન સ્થાપવા તેમજ સામાન્ય જનતાની સુખાકારી માટે રજૂઆતો કરવામાં આવી હતી. પૂર્વ પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ નવા ખાનગી ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં પ્રાથમિક સુવિધાઓ આપવા અને આગામી ૨૦ વર્ષના વિકાસને ધ્યાને રાખી રિંગ રોડ તથા લોજિસ્ટિક પ્લાન તૈયાર કરવા બાબતે કમિશનરનું ધ્યાન દોર્યું હતું. રજૂઆતોના પ્રત્યુત્તરમાં કમિશનર દીપેશ કેડિયાએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિસ્તારોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા વધારવા માટે અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેમણે નવા ઓવરબ્રિજ નીચે પાર્કિંગની વ્યવસ્થા અને શહેરના ટ્રાફિકના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી હતી. કમિશનરે ઉમેર્યું કે વિકાસ કાર્યોમાં દબાણ હટાવવા જેવી મુશ્કેલીઓ આવતી હોય છે, પરંતુ ચેમ્બર અને જનતાના સહયોગથી જામનગરને વધુ પ્રગતિશીલ બનાવવામાં આવશે. અંતમાં ચેમ્બર દ્વારા કમિશનરને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મંત્રી કૃણાલભાઈ શેઠે અને આભારવિધિ ઉપપ્રમુખ અજેશભાઈ પટેલે કરી હતી.

## કાલાવડ પંથકમાં વાતાવરણમાં પલટોઃ નિકાવા ગામે વરસાદી ઝાપટાંથી ગરમીમાં મળી રાહત



**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. દિવસભર અનુભવાતી ગરમી અને ઉકળાટ વચ્ચે એકાએક પવનની ગતિમાં વધારો થતાં આકાશમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. ત્યારબાદ કાલાવડ તાલુકાના નિકાવા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડતાં લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

નિકાવા ગામમાં થોડા સમય માટે પડેલા વરસાદી ઝાપટાંના કારણે ક્યાંક પાણી ન રેલાઓ ઉતર્યા હતા, અને રસ્તાઓ ભીના બન્યા હતા જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. પવન અને વરસાદના કારણે છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી અસહ્ય ગરમીમાં ઘટાડો નોંધાયો હતો. વરસાદી ઝાપટાં પડતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ખેડૂતો માટે પણ આ વરસાદ આશાજનક માનવામાં આવી રહ્યો છે. જોકે વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું, તેમ છતાં વાતાવરણમાં આવેલા બદલાવના કારણે લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહતનો અનુભવ થયો હતો. વરસાદ બાદ વિસ્તારમાં ઠંડક પ્રસરી જતાં લોકો ઘરની બહાર નીકળી બદલાયેલા વાતાવરણની મજા માણતા જોવા મળ્યા હતા. હવામાનમાં આવેલા આ અચાનક પલટાએ કાલાવડ પંથકના લોકોને ગરમીમાંથી આંશિક રાહત આપી છે. આગામી દિવસોમાં પણ વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની સંભાવનાને લઈને લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે.

## જામનગરમાં કલરકામ કરતાં શ્રમિકનું સીડી પરથી પટકાતા મોત

### જામનગરમાં ૨૬ વર્ષિય યુવાનનો અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાં આવેલ મોહનનગર આવાસમાં રહેતાં અને કલરકામનો ધંધો કરતાં અશ્વિનભાઇ પ્રવિણભાઇ ભટ્ટી (ઉ.વ.૪૧) નામનો યુવાન ગત તા.૨-૬-૨૦૨૬ ના રોજ ખેત્રીફળી, કરશનભાઇના ચોકમાં કોઇ મકાનની છત પર કલરકામ કરી રહ્યો હતો. કામ પુરૂં કરી કરશનભાઇ લાકડાની સીડી મારફત નીચે ઉતરી રહ્યાં હતાં.

ત્યારે અચાનક તેઓ કોઇપણ કારણસર નીચે પટકાયા હતાં અને તેઓને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા સારવાર અર્થે તાત્કાલિક શહેરની જી.જી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં એક દિવસની ટૂંકી સારવાર કારગત ન નિવડતાં કરશનભાઇનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે શહેરના ગોમતીપુર, કડિયાવાડ વિસ્તારમાં રહેતાં હરીશભાઇ બાબુલાલ ચાવડાએ પોલીસને જાણ કરતાં સિટી એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં શિવનગર શેરી નં.૫માં રહેતાં ભાવેશ દેવાભાઇ સાગઠિયા (ઉ.વ.૨૬) નામના યુવાને ગત તા.૨-૬-૨૦૨૬ ના રાત્રે ૧૧ થી તા.૩-૬-૨૦૨૬ ના સવારે ૭ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન પોતાના ઘરે રૂમમાં કોઇપણ અગમ્ય કારણોસર પંખામાં ગાદલાના કવરનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

આ બનાવ અંગે મૃત્તક યુવાનના માતાએ પોલીસને જાણ કરતાં સિટી સી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એફ.એમ.ચાવડા સહિતનો સ્ટાફ તુરંત જ બનાવ સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરી યુવાને ક્યા કારણોસર આપઘાત કરી લીધો છે? તે જાણવા આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

## ખંભાળીયામાં આમ આદમી પાર્ટી દ્વારા વિજેતા ઉમેદવારોનું સન્માન




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે બુધવારે રોજ સાંજે અહીંના મ્યુ. ગાર્ડનમાં આવેલા યોગ કેન્દ્ર ખાતે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખંભાળિયા વિધાનસભા બેઠક અંતર્ગત જિલ્લા, તાલુકા અને નગરપાલિકા કક્ષાની ચૂંટણી લડી ચૂકેલા આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોનું સ્મૃતિચિહ્ન આપીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે પાર્ટી માટે કરેલા સંઘર્ષ અને મહેનત બદલ ઉમેદવારો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ બેઠકના બીજા તબક્કામાં વર્ષ ૨૦૨૭ વિધાનસભા ચૂંટણી માટેની વ્યૂહરચના, બૂથ લેવલ સુધી સંગઠન મજબૂત કરવા અને આગામી કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી, મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''પાર્ટી માટે દિવસ-રાત સંઘર્ષ કરનાર દરેક કાર્યકર્તા અમારી મૂડી છે. આજે ચૂંટણી લડેલા તમામ ઉમેદવારોનું સન્માન કરીને અમે ગર્વ અનુભવીએ છીએ. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ખંભાળિયા બેઠક પર મજબૂત દાવેદારી માટે આજથી જ કામે લાગી જવાનો નિર્ધાર તમામ કાર્યકર્તાઓએ કર્યો છે. આ બેઠકમાં ઉમેદવારોના ટેકેદારો, વર્ષોથી પાર્ટી માટે સંઘર્ષ કરનારા નેતાઓ, જિલ્લા-તાલુકાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## આજે વિશ્વ પર્યાવરણ દિવસે નિમિત્તે મનપા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આજ તા.૫ મી જુનના શુક્રવારે રોજ વિશ્વ પર્યાવરણ દિવસે મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ અને શહેરના તમામ વોર્ડમાં વૃક્ષોના રોપા વિતરણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર મ્યુ. કોર્પોરેશન અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે સમર્પણ હોસ્પિટલ સામે ભીમા વુડઝ પાસે લોકો માટે નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તેમજ કોર્પોરેશનના અન્ય પ્લોટસ તેમજ જુના વૃક્ષારોપણ વગરના રોડ ડિવાઈડરોમાં પણ વૃક્ષારોપણની કામગીરી શરુ કરવામાં આવશે. તંત્ર દ્વારા વોર્ડ-૧માં બેડેશ્વર મંદિર, વોર્ડ-૨માં વિશ્વકર્મા બાગ, વોર્ડ-૩માં વિકાસગૃહ રોડ, વોર્ડ-૪માં અંબર ચોકડી-ભીમવાસ ઢાળીયા પાસે, વોર્ડ-૫માં ડીકેવી સર્કલ, વોર્ડ-૭માં એમ્યુઝમેન્ટ પાર્ક, વોર્ડ-૮માં રણજીતનગર ચોક, વોર્ડ-૯માં પંચેશ્વર ટાવર, વોર્ડ-૧૦માં રાજ પાર્ક સેવા સદન, વોર્ડ-૧૧માં ગુલાબનગર સીવીક સેન્ટર, વોર્ડ-૧૨માં અન્નપુર્ણા ચોકડી, વોર્ડ-૧૩માં ખંભાળીયા ગેઈટ ચોકમાં, વોર્ડ-૧૪માં હિરજી મિસ્ત્રી રોડ, જે. કે. ટાવર પાસે, વોર્ડ-૧૫માં

અનુ પાના નં.૨ પર

## જામનગરની નૃત્યાંગનીએ આંતર રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની પ્રતિભાશાળી બાળ નૃત્યાંગના આરુષી જયભાઈ દવેએ પોતાની અદમ્ય ઇચ્છાશક્તિ અને કલા પ્રત્યેના સમર્પણથી વધુ એક ગૌરવપૂર્ણ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અગાઉ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યા બાદ હવે તેને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ અને આંતરરાષ્ટ્રીય પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.



આરુષીએ અગાઉ માત્ર ૩૦ સેકન્ડમાં નવરસો (શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, ભરતનાટ્યમનાઅદ્ભુત અને શાંત)નું અદ્ભુત અભિવ્યક્તિપૂર્ણ પ્રદર્શન કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો. ખાસ વાત એ છે.

આરુષીએ બાળપણમાં 'ગિલિયન-બારે ગંભીર બીમારી સામે બહાદુરીપૂર્વક લડત આપી હતી. સિન્ડ્રોમ' (જીબીએસ) જેવી અત્યંત વ્હીલચેરની સ્થિતિમાંથી બહાર આવી, મુશ્કેલ પરિસ્થિતિઓને હરાવીને તેણે ફરી નૃત્યક્ષેત્રમાં કદમ મૂક્યા અને આજે તે અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

આરુષી હાલ પી.એમ.શ્રી કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરે છે અને 'શકુંતલ સ્કૂલ ઓફ ડાન્સ'ના ગુરુ હીરબેન પરેશભાઈ બુચ પાસે ભરતનાટ્યમની તાલીમ મેળવી રહી છે. તેની મહેનત, શિસ્ત અને નિષ્ઠાને કારણે જામનગરનું નામ વૈશ્વિક સ્તરે રોશન થયું છે.

# જામનગરના સ્વાસ્થ્ય અને શિક્ષણનું મહાતીર્થઃ શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ

## રાજવી જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજીનું ભૂમિદાન અને દાનવીર શેઠ શ્રી મેઘજી પેથરાજ શાહના આર્થિક સહયોગથી રોપાયેલું નાનું છોડ આજે બન્યું વટવૃક્ષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર માટે ગૌરવ સમી શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ આજે સ્વાસ્થ્ય સેવા અને તબીબી શિક્ષણનું અગ્રણી કેન્દ્ર બની ગઈ છે. આ ભવ્ય સંસ્થાની સ્થાપના પાછળ દ્રષ્ટિ, નિઃસ્વાર્થ સેવા અને દાનનો અનોખો સમન્વય રહેલો છે. તબીબી શિક્ષણની સાથે-સાથે આ સંસ્થા સાથે સંકળાયેલી ગુરુ ગોબિંદસિંગ હોસ્પિટલ આજે સમગ્ર સૌરાષ્ટ્ર માટે જીવનદાયિની બનીને લાખો જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ગુણવત્તાસભર સારવાર પૂરી પાડી રહી છે.

આ પ્રતિષ્ઠિત સંસ્થાના પાયા જામનગરના પ્રજાવત્સલ અને દીર્ઘદ્રષ્ટા રાજવી જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજી દ્વારા મૂકવામાં આવ્યા હતા. તેમણે ઉમદા હેતુ માટે ૬૧ એકર જેટલી કિંમતી જમીન સખાવતમાં આપીને સ્વાસ્થ્ય અને શિક્ષણના કેન્દ્રનું સ્વપન સાકાર






તસવીરઃ હિરેન ગાંધી

કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રાજવીના આ સ્વપનને સાકાર કરવા માટે લંડન સ્થિત દાનવીર ઉદ્યોગપતિ શેઠ શ્રી મેઘજી પેથરાજ શાહે વર્ષ ૧૯૫૪માં રૂ.૧૫ લાખનું ઉદાર દાન આપ્યું હતું, જેનું મૂલ્ય આજના સમયમાં અંદાજે રૂ.૨૫૦થી રૂ.૩૦૦ કરોડ જેટલું થવા જાય છે. રાજવીનું ભૂમિદાન અને શ્રેષ્ઠીનું અર્થદાન એ જામનગરના ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ બનવા પામ્યું છે.

વર્ષ ૧૯૫૫માં માત્ર ૬૦ વિદ્યાર્થીઓની પ્રથમ બેચ સાથે શરૂ થયેલી આ મેડિકલ કોલેજે વિકાસના અનેક શિખરો સર કર્યા છે. આ સંસ્થા અત્યાર સુધીમાં ૧૦,૦૦૦થી વધુ ડોક્ટરો તૈયાર કરીને દેશ-વિદેશમાં માનવતાની સેવામાં અર્પણ કરી ચૂકી છે. વર્તમાન સમયની વાત કરીએ તો, સંસ્થા ખાતે દર વર્ષે ૨૫૦ ખઇઇજબેઠકો, ૨૪૩ અનુસ્નાતક બેઠકો તેમજ ૫ સુપર સ્પેસીયાલીટી બેઠકો દ્વારા નવી પેઢીના તબીબોને ઉચ્ચ કક્ષાની તાલીમ આપવામાં આવી રહી છે.

આ અવસરે હોસ્પિટલના બાળ રોગ વિભાગના પ્રાધ્યાપક ડો.મૌલિક શાહે રસપ્રદ વિગતો રજૂ કરતા જણાવ્યું છે કે જામનગરના જામ સાહેબ અને દાનવીર શેઠ મેઘજી પેથરાજ શાહના અવિસ્મરણીય અને યુગપ્રવર્તક યોગદાનને સમગ્ર હાલાર પંથક કૃતજ્ઞતા સાથે સ્મરી રહ્યો છે. તેમણે વર્ષો પહેલાં આપેલી આ અમૂલ્ય ભેટ આજે પણ સમાજને આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી રહી છે.

# જામનગરમાં મિત્રએ જ કર્યો વિશ્વાસઘાતઃ ગોલ્ડ લોનના નામે દાગીના હડપ્યાં

## દૂધનો વેપાર કરતાં વેપારીએ મિત્ર એવા આરોપી સામે ફરિયાદ નોંધાવીઃ દાગીના પરત માંગતા આરોપીએ મારકૂટ અને ગાળાગાળી કરીઃ ચૂંટણીમાં ઉભો હોવાથી ખર્ચ થઇ ગયો છે તેમ કહી ખિસ્સામાંથી ૪૨૦૦ રૂપિયા પણ બળજબરીથી ઝૂંટવી લીધા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના શંકરટેકરી વિસ્તારમાં રહેતા અને દુધ વેચાણનો વ્યવસાય કરતા એક યુવાને પોતાના મિત્ર સામે વિશ્વાસઘાત, મારામારી, ધમકી અને રોકડ રકમ બળજબરીથી પડાવી લેવાની ગંભીર ફરિયાદ નોંધાવતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે. આરોપી એવા મિત્રએ ફરિયાદીને અંધારામાં રાખી પોતાના નામે ગોલ્ડ લોન કરાવી રૂ. ૧.૮૫ લાખ હડપ કરી લીધા હતા વધુમાં દાગીના પરત માંગતાં મારપીટ કરી રોકડ રૂ. ૪,૨૦૦ પણ બળજબરીથી કઢાવી લીધા હોવાની રાવ ઉઠતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાયો રાખી દુધ વેચવાનો ધંધો કરતા ફરિયાદી સલેમાન યુસુફભાઇ ખુરેશી (ઉવ ૩૨ રહે શંકરટેકરી શાસ્ત્રીનગર નવી નિશાળ પાસે ખોડીયાર માતાના મંદિર બાજું) એ આરોપી વસીમ ઉર્ફે બંટી હાજીભાઇ ખફી (રહે- શંકર ટેકરી જામનગર) સામે નોંધાયેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ઓગષ્ટ ૨૦૨૫ મા ફરિયાદીને મકાન ખરીદવાનું હોવાથી પૈસાની જરૂરીયા ઉભી થતા સોનાના દાગીના વેચવાનું નક્કી કરેલ અને આ બાબતે ફરિયાદીએ તેના મિત્ર એવા આરોપી વસીમ ઉર્ફે બંટી હાજીભાઇ ખફીને વાત કરતા તેમણે જણાવ્યું કે તમારે સોનાના દાગીના વેચવા નહી પડે તેના ઉપર લોન કરી પૈસા મળી જશે.

જેથી બન્નેએ ૪ તોલા સોનાના દાગીના ગુરૂદ્વારા ચોકડી પાસે આવેલ આઇ.ટી.આઇ શાખા ગોલ્ડ લોનમાં મુકી ગોલ્ડ લોન કરાવી હતી. ગોલ્ડ લોન વસીમે જાણ બહાર પોતાના નામે દાગીના ગીરવે મુકી કરાવી લીધી હતી. બાદ ફરિયાદીએ આ ગોલ્ડ લોન ભરવા માટે રૂ૧,૮૫,૦૦૦ ની સગવડ કરી વસીમને ગોલ્ડ લોન ભરપાઈ કરવા માટે આપી હતી. બાદ વસીમે જણાવેલ કે હજુ રૂ ૧૫,૦૦૦ રૂપીયા વ્યાજ પેટે ચુકવવાના બાકી છે. આથી ફરિયાદને શંકા જતા ગુરુદ્વારા ચોકડી પાસે આવેલ આઈ.ટી.આઈ શાખા મા રૂબરૂ જઇ તપાસ કરતા વસીમને ફરિયાદીએ આપેલા રૂ ૧,૮૫,૦૦૦ બેન્કમાં ભર્યા ન હોવાનું સામે આવ્યું હતું. આથી ફરિયાદીએ સીટી બી ડીવીઝન પોલીસમાં અરજી કરી હતી.

આથી આ બાબતે સમજુતી થતા સમાધાન થયું અને આ ગોલ્ડ લોન વસીમે ભરપાઇ કરી દાગીના પરત કરવાના હતા જે હજુ સુધી ન પરત કર્યા ન હતા અને વસીમેં તા-૦૩/૦૬/૨૦૨૬ ના આશરે સાંજ ના સાતેક વાગ્યાન અરસામા શંકરટેકરી ભાણુભાની દુકાનથી આગળ શુલભ સૌચાલય પાસે બાઇક પર દુધ વેંચાણ માટે જતો હતો ત્યારે વસીમ પોતાનું મોટર સાયકલ લઇને આવી ફરિયાદીને રોકી જેમ ફાવે તેમ બોલવા લાગ્યો હતો.

આથી કહ્યું કે અમારા નિકળતા દાગીના ક્યારે આપીશ? તેમ કહેતા વસીમ ઉશ્કેરાઈ જઈ મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યો અને ફડકો ઝીંકી લીધો હતો અને આ દાગીના બાબતે મને કોઇ માગણી કરતો નહી તો હું તને જીવતો નહી રહેવા દવ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વસીમે ચુટણીમાં મારે ઉભો રહેવાથી ખર્ચો થઇ ગયેલ છે તેમ કહી મારા ખીસ્સામા રહેલા અંદાજે રોકડ રૂ ૪૨૦૦ જેમા ૫૦૦ ના દર ની તથા ૧૦૦ ના દર ની તથા ૫૦ ના દર ની અલગ અલગ ચલણી નોટો હતી, જે આ વસીમે મારી પાસે થી બળજબરી પુર્વક કાઢી લીધા હોવાનો પણ ફરિયાદમાં આરોપ લાગ્યો છે.

આ સમગ્ર મામલે ફરિયાદના આધારે પોલીસે આરોપી વસીમ ઉર્ફે બંટી હાજીભાઈ ખફી સામે વિશ્વાસઘાત, મારામારી, ધમકી અને બળજબરીથી કઢાવી લેવા સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં દુષ્કર્મની શિકાર બનેલ સગીરાના ગર્ભમાં આઠ માસનું બાળક હોવાનું બહાર આવ્યું

## આરોપી શબ્બીર અબ્બાસ મહુર જેલ હવાલે : બાળકના જન્મ બાદ ત્રણેયના ડીએનએ કરાશે

**સમય સંદેશઃ જામનગર**



જામનગરના સિટી-એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં નોંધાયેલા ૧૪ વર્ષીય સગીરા પર દુષ્કર્મના ચકચારજનક કેસમાં મહત્વનો નવો ખુલાસો સામે આવ્યો છે. પોલીસ તપાસ દરમિયાન સગીરાની તબીબી ચકાસણી કરાવવામાં આવતા તે આશરે આઠ માસની ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું છે. તબીબોના પ્રાથમિક અભિપ્રાય મુજબ આગામી ત્રણ સપ્તાહની અંદર સગીરા બાળકને જન્મ આપે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પ્રકરણમાં પોલીસે આરોપી શબ્બીર અબ્બાસ મહુર સામે પોક્સો અધિનિયમ તેમજ દુષ્કર્મની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ત્યારબાદ આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને જેલ હવાલે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ સગીરાના ગર્ભવતી હોવાની જાણ થતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. હાલ સગીરાને તેની માતાની દેખરેખ હેઠળ રાખવામાં આવી છે, અને તબીબી નિરીક્ષણ ચાલુ રાખવામાં આવ્યું છે. સગીરાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને જરૂરી સારવાર અને દેખરેખની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બાળકનો જન્મ થયા બાદ વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયાના ભાગરૂપે ભોગ બનનાર સગીરા, નવજાત બાળક અને હાલ જેલમાં રહેલા આરોપી શબ્બીર અબ્બાસ મહુરના ડીએનએ નમૂનાઓ મેળવી પરીક્ષણ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પરીક્ષણ કેસની તપાસમાં મહત્વનો પુરાવો બની શકે છે. હાલ ડિવિઝનના પી.આઈ. વી.એમ. ડોડીયા અને તેઓની ટીમ દ્વારા કેસની વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરમાં ફલાય ઓવર બ્રીજ નીચે ગેરકાયદેસર વાહનોના લાગ્યા ખડકલા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

સામાન્ય રીતે એવું હોય છે કે મહાનગરપાલિકાના પાર્કિંગમાં જે જાહેર કરેલા સ્થળો છે ત્યાં જો કોઈ ફોરવિલ વાનગી બસો પાર્કિંગ કરવામાં આવે તો આવા વાહન ચાલકોના પાસેથી પાર્કિંગનો ચાર્જની વસૂલાત કરવામાં આવતી હોય છે પરંતુ ખાટલે મોટી ખોટે છે કે સૌથી મોટા નવનિર્માણ પામેલા સુભાષ બ્રિજ થી સાત રસ્તા સુધીના ફ્લાય ઓવરબ્રુજની નીચે ૨૪ કલાક અનેક નાના મોટા વાહનોના ખડકેલા રહે છે. આવા વાહનો ન પાર્કિંગ ચાર્જ શા માટે વસૂલ કરવામાં આવતો નથી તે સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

આ ફ્લાય ઓવરબ્રિજ નીચે લખોવૃપીય ખર્ચે સીસી બ્લોક નાખેલ છે તેના ઉપર બસો ઊભી હોય છે. શું મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ બસો ઊભી રાખવા પ્રજાના પરસેવા પૈસા ખર્ચેલ છે. ગેરકાયદેસર રીતે જો પાર્કિંગ કરવામાં આવતું હોય તો એસ્ટેટ તંત્ર શા માટે કાર્યવાહી નથી કરતું તે સવાલ પણ ઉઠે છે.કે સામાન્ય રીતે ફ્લાય ઓવર બ્રિજ નીચે જો કોઈ રેકડીવાળા કે પાથરણાવાળા ઊભા હોય તો તંત્ર તુરત કાર્યવાહી કરે અને માલસામાન પણ જપ્ત કરી જાય અને દંડ વસૂલાત કરે ત્યારે ઘણા લાંબા સમયથી ગેરકાયદેસર બસો સહિતના મોટા વાહનો કોની મજૂરીથી ઊભા રહે છે .

તે અંગે પણ તપાસ કરવી જોઈએ. ખરેખર તો બસ સહિતના વાહનો પાકીગ કરે તેની સામે વિરોધ લોકો નથી પરતું ચાર્જ લીધા વગર પાર્કિંગ સામે સવાલ છે. એટલું જ નહી નો પાકીગ વિસ્તારમાં પણ વાહનોની કતારો ઊભી હોય છે.જે ટ્રાફિક ને અડચણ રૂપ બને છે આવા વાહનો તાત્કાલિક દૂર કરવાની લોક માંગ ઉઠી છે. નવનિયુક્ત મેયર સહિતના પદાધિકારીઓ અને જેનીજવાબદારી છે તેઓ અંગે શું કાર્યવાહી કરે છે કે કેમ તેના ઉપર લોકોની મીટ મંડાઈ રહી છે.

# જાંબુડા નજીક મારામારી પ્રકરણના બે આરોપી ઝબ્બે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના જાંબુડા ગામના પાટીયા પાસે પિતરાઇ ભાઈ સાથે ગાળાગાળી કરતા શખ્સોને સમજાવવા જતા ખેડૂત યુવાન પર બે શખ્સોએ હુમલો કર્યાની ઘટના પોલીસ મથકે પહોંચી હતી. ફરિયાદીના નિવેદન અને તપાસમાં ગાળાના ભાગે હુમલો થયાનો અને બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ દ્વારા હત્યાના પ્રયાસના ગુનાની કલમનો પણ ઉમેરો કરી સીસીટીવી વાયરલ થયા બાદ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓને ગણતરીની કલાકમાં દબોચી લીધા છે.

નેવી મોડા ગામે રહેતા ચંદ્રસિંહ ઉર્ફે લાલો સુખદેવસિંહ જાડેજા નામના ખેડૂત યુવાને પોતાના પર હુમલા મામલે આરોપી કિશન મકવાણા અને ઉતમ તન્ના (રહે. અલીયા) સામે કરેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર તા.૨ જૂનના રોજ બપોરે ફરિયાદી અને તેના પિતરાઇભાઈ ભરતસિંહ અલિયાબાડા ગામે હતા.

ત્યારે આરોપી કિશન મકવાણા ફોન પર ગાળો દીધા બાદ ભરતસિંહ આરોપી કિશન પાસે જાંબુડાના પાટીયા પાસેની સિધ્ધનાથ હોટલે જતા ફરિયાદી પણ પાછળથી ત્યાં પહોંચ્યા હતા. જ્યાં આરોપી અને ભરતસિંહ ગાળાગાળી કરતા ફરિયાદી ચંદ્રસિંહ સમજાવા વચ્ચે પડ્યા હતા. આથી આરોપી કિશન અને ઉતમ તન્નાએ ફરિયાદીને પણ ગાળો આપી કિશને છરી કાઢી ફરિયાદીના માથામાં ઘા માર્યો હતો અને ઉતમે ઢીકાપાટુ માર માર્યો હતો.

બાદમાં યુવાનને સારવાર માટે જી.જી.હોસ્પીટલ ખાતે ખસેડાયો હતો. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પંચકોષી એ ડિવિઝન પોલીસે પોલીસની તપાસ સામે આવ્યું કે જાંબુડા ગામના પાટીયા પાસે આવેલ સિધ્ધનાથ હોટલ ખાતે ફરીયાદી ચંદ્રસિંહ ઉર્ફે લાલો સુખદેવસિંહ જાડેજા (રહે.નેવી મોડા ગામ તા.જી.જામનગર) ને અલીયાગામના કિશન મકવાણા તથા ઉત્તમ તન્ના સાથે જુની માથાકુટનો ખાર રાખી મારામારી થયેલ જેમાં હત્યાના પ્રયાસ સહીતનો બનાવ બનેલ હોય જે બનાવના આરોપીઓને ત્વરીત પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી.

બાદમાં પોલીસે આરોપી કિશન ભરતભાઇ મકવાણા (ઉ.વ. ૨૭ ધંધો-મજુરી રહે. અલીયાગામ તા.જી.જામનગર) અને ઉત્તમ વિમલભાઈ તન્ના (ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે. અલીયાગામ તા.જી.જામનગર) ને પકડી પાડી જેલ હવાલે કરાયા છે. આ કાર્યવાહી પંચકોષી 'એ' ડિવિઝનના પીઆઈ એમ.એન.શેખ, પીએસઆઈ એ.આર પરમાર એ.એસ.આઇ. નિર્મળસિંહ બી. જાડેજા તથા ચેતનભાઈ આર. ઘાઘરેટીયા, અજયસિંહ જી.જાડેજા તથા હરદેવસિંહ એમ.ઝાલા તથા કમલેશ.એ. ખીમાણીયા દ્વારા કરાઇ હતી.

# રાજકોટ હાઈવે પાસે અકસ્માત કેસમાં સંડોવાયેલ આરોપી પકડાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ હાઇવે પર રાધિકા હોટલ સામે બનેલા ગંભીર ફેટલ અકસ્માત મામલે પોલીસે સીસીટીવીના આધારે બનાવનો ભેદ ઉકેલી નાખ્યો છે. પંચકોષી 'એ' ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ તપાસના આધારે હિટ એન્ડ રન કેસનો પર્દાફાશ કરી આરોપીને પકડી પાડ્યો છે.

પંચકોષી એ ડિવિઝન પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર વાહન કાળા રંગની ફોર વ્હીલ કાર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ જામનગર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સહયોગથી શહેર અને આસપાસના વિસ્તારોના વિવિધ સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. ટેકનિકલ વિશ્લેષણ દરમિયાન શંકાસ્પદ ક્રેટા કાર નંબર જી.જે. ૧૦ સી.જી. ૯૭૦૯ ઓળખવામાં આવી હતી.

વધુ તપાસ માટે પોકેટકોપ મોબાઇલ એપ્લિકેશનની મદદથી વાહન માલિકની વિગતો મેળવી હતી.તપાસમાં બહાર આવ્યું હતું કે આ જ ક્રેટા કારના ચાલકે અકસ્માત સર્જી એક વ્યક્તિને હડફેટે લઈ તેનું મોત નીપજાવ્યું હતું અને બાદમાં સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પુરાવાઓના આધારે પોલીસે આરોપી વિજયભાઈ કરશનભાઈ કરમુર, રહે. ધરમપુર ગામ, તા. લાલપુર, જી. જામનગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરની વડલો જમીનનો ગજગ્રાહ હાઈકોર્ટ સુધી પહોંચ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નગરસીમ વિસ્તારમાં આવેલી અને 'વડલો' તરીકે ઓળખાતી કરોડોની કિંમતી ખેતીની જમીનનો ગજગ્રાહ હવે ગુજરાત હાઇકોર્ટના દ્વારે પહોંચ્યો છે. આ કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ગુજ. હલીમાબેનના વારસદારો ઘાંચી હનીફ ઈશા મેતર, પાંચી રફીક ઈશા મેતર અને પાંચી જુબેદાબેન ઈશા મેતરે પોતાના પિતા તથા ભાઈ-બહેનો સામે વડીલોપાર્જિત મિલક્ત મેળવવા અંગે જામનગરની અદાલતમાં રેગ્યુલર દીવાની મુકદ્દમા નંબર ૨૯૮/૨૦૧૨ (જૂના સ્પેશિયલ દીવાની મુકદ્દમા નંબર ૬૪/૨૦૧૧) થી દાવો દાખલ કર્યો હતો.

આ વિવાદ જામનગર નગરસીમ વિસ્તારના રેવન્યુ રેકોર્ડ મુજબ જામનગર ૩ (બી) ના ખાતા નંબર ૪૭ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નંબર ૮૨૨ વાળી ખેતીની જમીન (કુલ હેક્ટરે.આરે.ચો.મી. ૯-૧૩-૧૦) નો છે, જેમાં વાદીઓએ મુસ્લિમ શરિયત અનુસાર પાટીશન કરી પોતાના હિસ્સાની મિલક્તનો કબજો મેળવવા માંગણી કરી હતી. ત્યારબાદ, નીચલી કોર્ટના હુકમ સામે જામનગરની મે. ડિસ્ટ્રિક્ટ અદાલત સમક્ષ રેગ્યુલર

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેરમાં યોજાનાર જી.પી.એસ.સી.ની પરીક્ષાઓને લઈ પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા.૦૭/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ જાહેરાત ક્રમાંકઃ ઋઙજઈ/૨૦૨૬૨૭/૯૯૯૪ ની પ્રીલીમીનરી પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસિક પરિતાપ થવાની સંભાવના છે.

માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એસ. એમ. કાથડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ નક્કી કરાયેલા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/ અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ પરીક્ષા કેન્દ્રોની આસપાસ તા.૦૭/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાક થી બપોરે ૩:૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં.

ઉપરાંત પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટર સુધીના વિસ્તારોમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

પરીક્ષા માટે નક્કી કરાયેલા કેન્દ્રો જેમાં નેશનલ હાઇસ્કુલ, શ્રી આર.આર. શાહ હાઇસ્કુલ, શ્રી કાલિન્દી સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ, શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, શ્રી પ્રણામી હાયર સેકન્ડરી સ્કુલ, શ્રી એલ.જી.હરિયા હાઈસ્કુલ, શ્રી ક્રિષ્ના સાયન્સ સ્કુલ, શ્રી સોઢા ઉમેદસિંહજી હાઇસ્કુલ, શ્રી ડી.સી.સી. વિવિધલક્ષી હાઇસ્કુલ નક્કી કરવામાં આવ્યા છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com